નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાની મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વિકસતી જાતિ(વર્ગ-૩)ની જગ્યાઓની રીવાઈઝ કેડર સ્ટ્રેન્થ બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: **SJED/EOD/e-file/17/2023/1904/A Section**
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૯/૦૮/૨૦૨૩

<u>વંચાણે લીધા:-</u>

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૩/૨/૨૦૧૪નો ઠરાવ
ક્રમાંક:આરએસકે/૧૦૨૦૧૪/૨૩૦૦(૨૧)/આર

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૯/૧૦/૨૦૨૨નો ઠરાવ
ક્રમાંક:મકમ/૧૧૨૦૧૬/૧૫૭૫૩૨/અ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૫/૦૫/૨૦૨૩નો ઠરાવ
ક્રમાંક:**SJED/EOD/e-file/17/2023/0471/A Section**

(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૦૨/૦૬/૨૦૨૩નો પત્ર
ક્રમાંક:વિજાક/મકમ/૨૦૨૩-૨૪/૬૮૭

<u>આમુખ:-</u>

વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળના સામાન્ય વહીવટ વિભાગના તા.૩/૨/૨૦૧૪ના ઠરાવથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળની જગ્યાઓની ભરતી કરવા સારૂ વિવિધ સંવર્ગોની જગ્યાઓની સમીક્ષા કરી ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર બહાર પાડવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) હેઠળના વિભાગના તા.૧૯/૧૦/૨૦૨૨ના ઠરાવથી મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા.), વર્ગ-૩ની કુલ કેડર સ્ટ્રેન્થ ૧૬૯ નકકી કરવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક (૩) હેઠળના તા.૧૦/૦૫/૨૦૨૩ના ઠરાવથી બિન અનામત વર્ગોના ઉમેદવારોને પ્રમાણપત્રો આપવાની કામગીરી માટે જિલ્લા કચેરીઓ ખાતે મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા.) વર્ગ-૩ ની ૧૦-જગ્યાને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણએ વંચાણે લીધા ક્રમાંક

(૪)ના તા.૦૨/૦૬/૨૦૨૩ના પત્રથી નવી મંજૂર થયેલ ૧૦(દસ) મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા.) વર્ગ-૩ ની જગ્યાઓનો કેડર સ્ટ્રેન્થમાં સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ, જે વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ

પુખ્ત વિચારણાના અંતે, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળની હાલની મંજૂર થયેલ ૧૬૯ મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા.), (વર્ગ-૩)ની જગ્યાઓમાં ૧૦(દસ) જગ્યાઓનો સમાવેશ કરી, મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા.), (વર્ગ-૩) સંવર્ગની કુલ કેડર સ્ટ્રેન્થ ૧૭૯ નકકી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા.), (વર્ગ-૩) સંવર્ગના ભરતી નિયમોમાં બઢતી:સીધી ભરતીનો રેશિયો ૨:૧ હોઈ, બઢતીના ફાળે ૧૨૦ જગ્યાઓ અને સીધી ભરતીના ફાળે ૫૯ જગ્યાઓ નિયત કરવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૩૦/૦૭/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: Harit Rajendra Doshi
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 09-Aug-2023 (05:22 PM)

(હરિત આર. દોશી)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.) ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી ('ઝ.૧' શાખા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ (વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સારૂ)
- શાખા સિલેકટ ફાઇલ.